**GJNV040002522010**

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૪/૦૫/૨૦૧૦ | | |
| દાખલ તારીખ | ૨૪/૦૫/૨૦૧૦ | | |
| ફેંસલ તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૧૬ | ૦૧ | ૦૬ |

-

**IN THE COURT PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C**
**AT, VANSDA, DIST. NAVSARI.**
**(Presided Over by R.R.BARIA)**

**CC No. 251 of 2010**
**Exhibit No.**

| | | |
|---|---|---|
| ફરિયાદી:– | | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે:– | | **વિદ્ધાન એ.પી.પી શ્રી જે.એમ.ઢોડિયા** |
| આરોપી– | ૧. | **કલ્પેશભાઈ રાજુભાઈ બરફવાલા, ઉ.આ.વ.૨૬,**<br>હે.ઉનાઈ નાકા ફળીયા,<br>તા.વાંસદા, જી.નવસારી |
| | ૨. | **મનિષભાઈ પ્રવિણભાઈ પટેલ, ઉ.આ.વ.૨૮,**<br>હે.ઉાનઈ પેટ્રોલપંપની બાજુમાં, તા.વાંસદા,<br>જી.નવસારી |
| | ૩. | **ભાવિનકુમાર ધીરૂભાઈ ધો.પટેલ ઉ.વ.આ.૨૪**<br>રહે.ઉનાઈનાકા ફળિયા, તા.વાંસદા, જી.નવસારી |
| | ૪. | **મહેશભાઈ રમણાભાઈ પટેલ, ઉ.વ.આ.૨૬**<br>હે.ઉનાઈનાકા ફળિયા, તા.વાંસદા, જી.નવસારી |
| | ૫. | **જયંતિભાઈ નરસિંહ ઢીમ્મર, ઉ.વ.આ.૪૮**<br>હે.ઉનાઈ મંદિર રોડ, તા.વાંસદા, જી.નવસારી |
| | ૬. | **લત્તાબેન ઉર્ફે અલકા તે કલ્પેશભાઈ રાઠોડની પત્ની**<br>હે.ઉનાઈ નાકા ફળિયા, તા.વાંસદા, જી.નવસારી. |
| | ૭. | **રીટાબેન તે રાજુભાઈ રાઠોડની દિકરી**<br>હે.ઉનાઈ નાકા ફળિયા, તા.વાંસદા, જી.નવસારી. |

| | |
|---|---|
| બચાવપક્ષે:- | **વિદ્વાન વકીલશ્રી બી.એ.દશોંદી** |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫/૦૩/૨૦૧૦ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૧૮/૦૩/૨૦૧૦ |
| આખરી અહેવાલ રજૂ થયા તારીખ | ૨૪/૦૫/૨૦૧૦ |
| તહોમતનામું ઘડ્યા તારીખ | ૧૭/૦૭/૨૦૧૪ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૩૦/૦૧/૨૦૧૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:- | ૩૦/૦૬/૨૦૨૬ |
| આખરી હુકમ:- | તહોમતદારોને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુક્યા |

## // આરોપીની વિગત //

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | કલ્પેશભાઇ રાજુભાઇ બરફવાલા, | ૨૪ માર્ચ ૨૦૧૦ | ૨૪ માર્ચ ૨૦૧૦ | ઇ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૫, ૪૫૨, ૫૦૪. ૧૧૪ તથા બી.પી.એક્ટ ની કલમ-૧૩૫ મુજબ | તહોમતદારોને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુક્યા | - | - |
| ૦૨. | મનિષભાઇ પ્રવિણભાઇ પટેલ | | | | | | |
| ૦૩. | ભાવિનકુમાર ધીરૂભાઇ ધો.પટેલ | | | | | | |
| ૦.૪ | મહેશભાઇ રમણાભાઇ પટેલ | | | | | | |
| ૦.૫ | જયંતિભાઇ નરસિંહ ઢીમ્મર | | | | | | |
| ૦.૬ | લત્તાબેન ઉર્ફે | ૨૫ માર્ચ | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | અલકા તે કલ્પેશભાઇ રાઠોડની પત્ની | ૨૦૧૦ | | | | | |
| ૦.૭ | રીટાબેન તે રાજુભાઇ રાઠોડની દિકરી | | | | | | |

## JUDGMENT
## (Delivered by R.R.Baria on 30-06-2026)

### ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:–

(૦૧) ફરિયાદી દ્ધારા આ કામના આરોપીઓ વિરૂદ્ધ તેઓની ફરિયાદ હકીકત વાંસદા પોલીસ સ્ટેશન ખાતે જાહેર કરતા વાંસદા પોલીસ સ્ટેશન ગુ. રજિ. નં. ફર્સ્ટ – ૧૦/૨૦૧૦ થી ઇ.પી.કો.ની કલમ–૩૨૩, ૩૨૫, ૪૫૨, ૫૦૪. ૧૧૪ તથા બી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજિસ્ટર કરી આગળની તપાસ શરૂ કરેલી.

(૧.૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તહોમતદારોએ તા.૧૫/૦૩/૨૦૧૦ ના રોજ કલાક–૨૩/૩૦ ના સુમારે ફરીયાદીના ઘર આગણામાં વારા ફરતી જઇ તથા તેની સાથે બેસેલ સાહેદોને કહેવા લગેલ કે તમો હેતલ તથા કિરણ ચીમન પ્રેમ પ્રકરણા ભાગી ગયેલ તેમાં તેમાં અમોને કેમ ખોટા બદનામ કરો છે તેમ કહિ ફરીયાદી/સાહેદોને નાલયક ગાળો આપી આરોપી કલ્પેશના હાથમાં લાકડી તથા મહેશના હાથમાં વાંસની લાકડી સાથે ફરીયાદી સાહેદોને મારવારવા ધસી જતા ફરીય઼ાદી સાહેદો ગભરાઇ જઇ પોતાના ઘરમાં ધસી બારણું બધ કરવા જતા તહોમતદારો બારણુ બંધ કરવા ન દઇ ઘરમાં ઘુસી સાહેદ વિમલાબેનને કલ્પેશ તથા મનિષે લાકડીથી માર મારી તથા જયંતિ ઢીમ્મરે સાહેદ જયોતીબેનને ઢીક મુક્કીથી તથા લાકડીથી માર મારી તથા ઓરોપી રીટા તથા અલકાનાએ ફરીયાદી તથા સાહેદોને ઢીક–મુક્કીથી માર મારી આરોપી કલ્પેશે સાહેદ વિમલાબેનને ડાબા હાથમાં બેટ વડે

ફટકો મારી હાથમાં ફેકચર કરી બીજા સાહેદોને માર મારી જાહેરનામાંનો ભંગ કરી ગુનો કરેલ. જે બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે વાંસદા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.– ફર્સ્ટ ૧૦/૨૦૧૦ થી ઇ.પી.કો.ની કલમ–૩૨૩, ૩૨૫, ૪૫૨, ૫૦૪. ૧૧૪ તથા બી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પોલીસ તપાસ :–

(૦૨) ફરિયાદીની ફરિયાદ આધારે તપાસ કરનાર અમલદાર હ્વારા ગુન્હાનું સંજ્ઞાન લઈ તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાક્ષીઓના નિવેદનો લીધેલ તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તથા સારવાર પ્રમાણપત્ર મેળવેલ હતા તેમજ તપાસ દરમ્યાન આરોપી મળી આવતા તેઓને અટક કરી આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ગુનાનું ચાર્જશીટ કરેલ હતું.

## કોર્ટ કાર્યવાહી :–

(૦૩) તપાસ કરનાર અમલદારે રજૂ કરેલ ચાર્જશીટ આધારે અમારા પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રી હ્વારા ગુન્હાનું સંજ્ઞાન લઈ આરોપીઓ વિરૂદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરેલ. જે આરોપીઓને સમન્સ ધોરણસર બજવણી થતા આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેઓને આપવાના પોલીસ પેપર્સની નકલ પુરી પાડ્યા અંગે ખાતરી કરેલ. જે બાદ આરોપીઓને ફરીયાદ મુજબનો આક્ષેપ મુજબનું **આંક–૨૭** થી રજૂ તહોમતનામું વાંચી સંભળાવતા આરોપીઓ હ્વારા તેનો ઈન્કાર કરેલ છે. જે અંગે આરોપીઓની **આંક–૨૮ થી ૩૪** મુજબ જવાબ–પ્લી લીધેલ છે અને તેઓએ ગુનો કબુલાત કરવાનો ઈન્કાર કરેલ જે બાદ હાલનું કામ ફરિયાદીના પુરાવા માટે મુલત્વી રાખેલ છે. જે બાદ ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આ સાથે પરિશિષ્ટથી સામેલ છે.

## આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદન :-.

(૦૪) ફરિયાદપક્ષે તેઓનો પુરાવો પુર્ણ કર્યાનું જાહેર કરતા ફરિયાદપક્ષના કેસમાંથી આરોપીઓ વિરૂદ્ધ નિકળી આવતા સંજોગો તરફે આરોપીઓનું ધ્યાન દોરવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, તેમના પર ખોટો કેસ કરેલ છે અને તેઓ નિર્દોષ છે. તેમજ આરોપીઓએ તેઓના બચાવના સમર્થનમાં કોઈ મૌખિક તે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.

## પક્ષકારો તર્ફેની દલીલો :-

(૦૫) હાલના કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પીશ્રી જે.એમ. ઢોડિયા તથા આરોપીઓ તરફે તેઓનાં વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. જે દલીલોનું પુનરાવર્તન ન થાય તે હેતુસર કારણો સાથે તે અંગે ચર્ચા કરવામાં આવેલ છે.

## આરોપી વિરૂધ્ધનું તહોમત/ મુદ્દા :-

(૦૬) ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવા તેમજ પક્ષકારો તરફે કરેલ દલીલો આધારે આ કેસના ન્યાયિક નિર્ણયો માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

### -: મુદ્દા :-

**(૧)** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તહોમતદારોએ તા.૧૫/૦૩/૨૦૧૦ ના રોજ કલાક-૨૩/૩૦ ના સુમારે ફરીયાદીના ઘર આગણામાં વારા ફરતી જઇ તથા તેની સાથે બેસેલ સાહેદોને કહેવા લગેલ કે તમો હેતલ તથા કિરણ ચીમન પ્રેમ પ્રકરણા ભાગી ગયેલ તેમાં તેમાં અમોને કેમ ખોટા બદનામ કરો છે તેમ કહિ ફરીયાદી/સાહેદોને નાલયક ગાળો આપી આરોપી કલ્પેશના હાથમાં લાકડી તથા મહેશના હાથમાં વાંસની લાકડી સાથે ફરીયાદી સાહેદોને મારવારવા ધસી જતા ફરીયાદી સાહેદો ગભરાઇ જઇ પોતાના ઘરમાં ધસી બારણું બધ કરવા

જતા તહોમતદારો બારણુ બંધ કરવા ન દઈ ઘરમાં ઘુસી સાહેદ વિમલાબેનને કલ્પેશ તથા મનિષે લાકડીથી માર મારી તથા જયંતિ ઢીમ્મરે સાહેદ જયોતીબેનને ઢીક મુક્કીથી તથા લાકડીથી માર મારી તથા ઓરોપી રીટા તથા અલકાનાએ ફરીયાદી તથા સાહેદોને ઢીક–મુક્કીથી માર મારી આરોપી કલ્પેશે સાહેદ વિમલાબેનને ડાબા હાથમાં બેટ વડે ફટકો મારી હાથમાં ફેકચર કરી બીજા સાહેદોને આ કામના તહોમતદારોએ એકબીજાની મદદગારી કરી માર મારી ભારતીય ફોજદારી ધારો, ૧૮૬૦ ની કલમ– ૩૨૩, ૩૨૫, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૦૨) શું ફરીયાદ પક્ષ સાબિત કરે છે કે આ કામના તહોમતદારોએ વારાફરતી ફરીયાદીના ઘરમાં વ્યથા, હુમલો કે ગેરકાયદેસર અવરોધ કરવાની તૈયારી સાથે ગૃહ અપ–પ્રવેશ કરી ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૫૨ મુજબનો ગુનો કરેલ છે?

(૦૩) શું ફરીયાદ પક્ષ સાબિત કરે છે કે આ કામના તહોમતદારોએ ભારતીય્ર ફોજદારી ધારાની કલમ–૫૦૪ હેઠળનો ગુનો કરેલ છે ?

(૦૪) શું ફરીયાદ પક્ષ સાબિત કરે છે કે પોતાની સાથે પ્રાણઘાતક હથિયાર લઈ જઈ જાહેરનામાંનો ભંગ કરી બોમ્બે પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબનો કરેલ છે ?

(૦૫) શું હુકમ ?

(૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૦૧) નકારમાં.

૦૨) નકારમાં.

૦૩) નકારમાં.

૦૪) નકારમાં

૦૫) આખરી હુકમ મુજબ.

**<u>ન્યાય નિર્ણય :</u>–**

(૦૮) **(૮.૦)** આ કામે હાલના આરોપી સામે જયારે ભારતીય ફોજદારી ધારો,૧૮૬૦ ની કલમ– ૩૨૩, ૩૨૫, ૪૫૨, ૫૦૪. ૧૧૪ તથા

બી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે નીચે મુજબના તત્વો તેમના સકારાત્મક પુરાવા થી સાબિત કરવાના રહે છે.

**ભારતીય ફોજદારી ધારોની કલમ-૩૨૩, ૩૨૫ ની સાબિતી માટેના તત્વો નીચે મુજબ છે.**

- આરોપીએ શારીરીક પીડા,રોગ અથવા અશકિત નિપજાવેલ છે,
- આવું કૃત્ય આરોપીએ વ્યથા/મહાવ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે, સ્વેચ્છાપુર્વક કૃત્ય કર્યુ હતુ.

**ભારતીય ફોજદારી ધારોની કલમ-૪૪૭ તથા ૪૫૨ ની સાબિતી માટેના તત્વો નીચે મુજબ છે.**

- મિલકતનો પ્રત્યક્ષ કબજો ફરીયાદી પાસે હતો.
- આરોપીઓ તે મિલકતમાં ગુનાહિત અપ્રવેશ કર્યો.
- આવો પ્રવેશ આરોપીએ કોઈ મકાન, તંબુ, કે વહાણ, પુજા સ્થળ અથવા માલસામાન રાખવાની જગા તરીકે ઉપયોગમાં લેવાતી મિલકતમાં પ્રવેશ કર્યો.
- આરોપીએ ગૃહ અપ્રવેશ ઈજા કરવા અથવા હુમલો કરવા અથવા કોઈ વ્યક્તિને ભય અથવા હાનિ પહોચાડવાની અથવા ગેર કાયદે અટકાયતમાં રાખવાની તૈયારી સાથે કર્યો.

**ભારતીય ફોજદારી ધારોની કલમ-૫૦૪ ની સાબિતી માટેના તત્વો નીચે મુજબ છે.**

- આરોપીએ કોઇ વ્યક્તિનું અપમાન કર્યુ હતુ.
- તેણે ઈરાદાપુર્વક આમ કર્યુ હતુ.
- તેણે, તેમ કરીને, તે વ્યક્તિને ઉશ્કેરાટનું કારણ આપ્યું હતું.
- ઉશ્કેરાટને કારણે તે વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા બીજો કોઇ ગુનો કરી બેસે એવો તેનો ઈરાદો હતો અથવા એવું થવાનો સંભવ હોવાનું તે જાણતો હતો.

**ભારતીય ફોજદારી ધારોની કલમ-૫૦૬(૨) ની સાબિતી માટેના તત્વો નીચે મુજબ છે.**

- આરોપીએ ફરીયાદીને ગુનાહિત ધમકી આપી હતી.
- આરોપીએ ફરીયાદીને જે ધમકી આપી તે મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા વગેરે કરવાની ધમકી હતી.

**ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાની સાબિતી માટેના તત્વો નીચે મુજબ છે.**

- બનાવના સ્થળે અને સમય અંગે જી.પી.એક્ટની કલમ-૩૭ મુજબ હથિયાર બંધી અંગે હુકમ કરવામાં આવેલ અને તે

હુકમ અસ્તિત્વમાં હતો.
- હથીયાર બંધી અંગેનો હુકમ, બી.પી.એકટની કલમ–૩૭ મુજબ જાહેરનામાં માટે ઠરાવેલી પધ્ધતિથી, યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવમાં આવેલ.
- આ કામના આરોપીએ સદરહું જાહેરનામા મુજબ પ્રતિબંધિત જગ્યામાં હથિયાર ધારણ કરી, તે હુકમનું પાલન કરેલ નથી અથવા તેનું પાલન ન કરવામાં કોઇની મદદ કરેલ છે.

(૮.૧) પુરાવાના મુલ્યાંકન અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે **State of Himachal pradesh v/s Lekh Raj, 2000(1) SCC 247** ના ચુકાદમાં ઠરાવ્યા મુજબ, જયારે કોઇ ફોજદારી કેસમાં કેસની પરીસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય, ત્યારે તેમાં રહેલ વિરોધાભાષ, અતિરેકના કારણે ફરીયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાષ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે.

> "It is also our experience that invariably the witness add embroidery to prosecution story perhaps for the fear of being disbelieved, but that is not the ground to through the case overboard, if true in main. If there is ring of truth in the main, the case should not be rejected."

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવીકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઇએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડીસકાર્ડ કરવો જોઇએ નહિ. સાહેદે આપેલી જુબાની કઇ પરીસ્થિતિમાં આપેલ છે, કઇ પરીસ્થિતીમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતી, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે, તે હકિકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઇએ.

<u>**ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ પુરાવો સંક્ષિપ્તમાં.**</u>

(૮.૨) ઉપરોકત હકીકતો ધ્યાને લેતા, આ કામે રેકર્ડ પરના પુરાવાનું મૂલ્યાંકન, ફરિયાદપક્ષના કેસ અનુસંધાને કરવામાં આવે તો, ફરિયાદપક્ષે આ કામે ફરિયાદી તથા શાહેદોને અત્રેની કોર્ટ દ્વારા સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ જે બજી ગયેલ છે અને તેઓને તપાસવામાં આવેલ છે.

(૮.૩) ફરીયાદપક્ષ તર્ફે **આંક-૪૭ થી સાહેદ નેહાબેન ભગુભાઇ પટેલ** ને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની કોર્ટરૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ સ્નાતક સુધાનો અભ્યાસ કરેલ છે અને હાલમા તે ઘરે જ છે. <u>બનાવ સને ૨૦૧૦ની સાલમાં રાત્રીના અગીયાર વાગ્યના અરસામા તેમના ઘરે ગામ ઉનાઈ મુકામે બનેલો</u>.બનાવમા આરોપીઓએ તેમના ઘરે આવીને મારામારી કરેલી. બનાવમાં <u>મનીષભાઈએ તેમની માતાને ડાબા હાથ પર લાકડાનુ બેટ મારેલુ અને કલ્પેશભાઈએ તેમની માતાને ડાબા હાથના ખભા પર બરફ તોડવાના તવેતાથી મારેલુ અને બાજુના જયોતીબેનને જયંતીભાઈએ ઢીક મુકકીનો માર મારી નાલાયક ગાળો આપેલી અને મનીષભાઈએ તેમની બેન આરતીબેનને હાથમા બેટ મારેલુ</u>. સાહેદની બેન આરતી તેમની માતાને મારેલ હોય તે બાબતે પુછતા મનીષભાઈએ મારેલુ. સાહેદને આરોપીઓ મારવા દોડેલા પણ તે તેના ભાઈને લઈને ભાગી ગયેલી. તેમની માતાને ઈજાઓ થયેલ હોય સારવાર સારુ પ્રથમ વાસદા અને ત્યારબાદ નવસારી સીવીલ હોસ્પીટલ મુકામે લઈ ગયેલા.આ સીવાય બનાવમાં બાજુ કઈ બનેલ નહી. આરોપીઓને ઓળખે જે પૈકી ભાવીનભાઈ આજરોજ હાજર નથી અને બાકીના બધા હાજર છે તે જ છે. તેની બેન હેતલબેન કીરણભાઈ સાથે ભાગી ગયેલી તેથી આ બનાવ બેનેલો.

બચાવપક્ષે સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા તેમના ઘરની આજુબાજુ બીજા ઘરો આવેલ હોવાની તથા તેમના ઘરની આગળ સ્ટ્રીટ લાઈટ આવેલ ન હોવાની તથા બનાવની ચોકકસ તારીખ ખબર ન હોવાની તથા હેતલબેન અને કીરણભાઈ કોની મદદગારીથી ભાગી ગયેલા તે કહિ શકતા ન હોવાની તથા આ બનાવની ફરીયાદ તેમની બેન

આરતીબેને કરેલી, આરતીબેને તા.૧૭/૦૩/૨૦૧૦ના રોજ ફરીયાદ આપેલ હોવાની પણ ચોકકસ કહિ શકતા ન હોવાની તથા ફરીયાદ આપવા સારુ તે સાથે ગયેલ ન હોવાની તથા આરોપી નંબર–૨ મનીષભાઈ સાથે તકરારો ચાલતી હોવાની તથા આરોપીઓ ફળિયાના હોય બનાવ પહેલાથી ઓળતા હોવાની તથા સામાન્ય રીતે નવ થી દસના અરસામા ઉઘવા જતા હોવાની તથા સામાન્ય રીતે ફળીયાના લોકો રાત્રીના નવથી દસના ગાળામા સુઈ જાય છે. તેમનું ઘર રસ્તાથી આશરે ત્રણસો ફુટના અંતરે અંદરની સાઈડે આવેલ છે. તેમના ઘરે આવવાનો રસ્તો ડામરનો રોડ ન હોવાની તથા તેમના ઘરમા પ્રવેશતા રોડથી પહેલા પગથીયા પછી દસેક ફુટ જેટલો ઓટલો અને પછી તેમના ઘરના મુખ્ય ભાગ સાથેનો પ્રથમ રુમ અને પછી બીજા ત્રણ રુમ આવે છે તથા સામાન્ય રીતે રાત્રે અંધારાના સમયે રોડ પરથી કોણ આવે છે તે જોઈ શકતા ન હોવાની હકિકતનો ઉલટતપાસમાં સ્વીકારેલ છે જયારે અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે.

(૮.૪) ફરીયાદપક્ષ તર્ફે **આંક–૫૦ થી ફરીયાદી આરતીબેન ભગુભાઈ પટેલ** ને તપાસવામાં આવેલ છે તેમની જુબાનીમાં જણાવેલ છે કે તે બી.એડ.સુધીનો અભ્યાસ કરેલો છે અને હાલમાં તે હાઉસવાઈફ તરીકે સાસરીમાં રહે છે. આ બનાવ આજથી આશરે છ–એક વર્ષ અગાઉ તેમના ઘરે ઉનાઈ ગામે નાકા ફળીયામા રાત્રીના અગીયાર થી સાડા અગિયારના અરસામા બનેલો. બનાવના સમયે ફરીયાદી તથા તેમની માતા વિમળાબેન તથા તેના મોટી મમ્મી તારાબેન તથા તેના દાદી મંગીબેન તથા બાજુના ઘરવાળા જયોતીબેન અને વનીતાબેન તથા તેના બહેન નેહા તેમા ઘરની બહાર આંગણામાં બેસી વાતો કરતા હતા, તેની બહેન હેતલ ઘરેથી ભાગી ગયેલ હતી. જેથી ટેન્શન કરતા હતા. તે સમયે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે ઓરીપીઓ કલ્પેશભાઈ, મનીષભાઈ, જયંતીભાઈ, ભાવીનભાઈ, મહેશભાઈ, અલ્કાબેન અને રીટાબેનનાઓ તેમની વાતો કરીએ છીએ તેમ સમજીને ફરીયાદીના ઘરે આવી ગાળો દેવા લાગેલા અને મારવાની ધમકી આપતા તેઓ ઘરમાં જતા હતા ત્યારે મનીષભાઈએ તેમની માતા વિમળાબેનને ડાબા હાથના

કાંડા પર બેટ મારેલુ તેમજ કલ્પેશે તેની માતાને બાવડાના ભાગે બરફ તોડવાનો તવેતો આવે છે તે મારેલો તેમજ જયંતીભાઈએ બાજુવાળા જયોતીબેનનુ માથુ દીવાલ સાથે જયોતીબેનના વાળ પકડીને અથડાવેલું અને ભાવીનભાઈ, રીટાબેન તથા અલ્કાબેને ફરીયાદીને પકડીને ડ્રેસ ફાડી નાખી ઢીકમુકીનો મારા મારેલો તેમજ ભાવીને તેની દાદીને બે ત્રણ થાપટો મારેલી. ફરીયાદીએ મનીષભાઈને તેમની મમ્મીને કેમ મારે છે? તેમ પુછેલુ તો મનીષે પણ ફરીયાદીને ડાબા હાથમા બેટ મારેલુ. આરોપીઓ તેની બહેન અને તેના ભાઈની પાછળ દોડતા હતા પણ બુમાબુમનો અવાજ થતા આજુબાજુવાળા માણસો આવી ગયેલા જેથી આરોપીઓ ભાગી ગયેલા. ફરીયાદીની માતાને ઈજાઓ થયેલ હોય સારવાર માટે પ્રથમ વાંસદા હોસ્પીટલમાં અને ત્યારબાદ સીવીલ હોસ્પીટલ નવસારી ખાતે લઈ ગયેલા. ફરીયાદીને થયેલ ઈજાઓ અંગે તેને સારવાર લીધેલ નહી પણ સોજો આવી ગયેલો. તેની માતા સિવાય બીજા કોઈ લોકોએ સારવાર લીધેલ નહી. આ બનાવ અંગે ફરીયાદ આપેલ હતી જે ફરીયાદ **આંક-૫૧** થી રેકર્ડ પર લેવામાં આવેલ હતી.

હાલના સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ લેવામાં આવેલ હતી તેમાં આ બનાવનું મુળ કારણ ફરીયાદીની બહેન હેતલ એ કિરણ સાથે ભાગી ગયેલ હતી તે હોવાનુ તથા તેના પિતાનું નામ ભગુભાઈ નગીનભાઈ હોવાનું તથા તેના પિતાજી ઉનાઈ મુકામે પેટ્રોલ પંપ માટે રસીકભાઈ ટાંક તથા વિજયભાઈ પટેલ ને જમીન ભાડે આપેલ હોવાની તથા રસીકભાઈ વાંસદા તાલુકાના ભાજપના આગેવાન તથા વિજયભાઈ ધારાસભ્ય હોવાની તથા જયંતીભાઈ નરસીહભાઈ ઢીમ્મર તેમના ગામના માજી સરપંચ તથા તાલુકા પંચાયતના સભ્ય હતા અને બાકીના આરોપીઓ તેમની સાથેના કાર્યકર્તાઓ હોવાની તથા જયંતીભાઈ કોગ્રેસ પક્ષના કાર્યકર છે. તથા ફરીયાદીના પિતા ભાજપ પક્ષમાં માનતા હોવાની તથા તેમનુ ઘર ઉનાઈ ગામતળની જમીનમાં આવેલુ હોવાની તથા આરોપી મનીષભાઈ ઉનાઈ ગ્રામ પંચાયતના સભ્ય હોવાની અને આરોપી મનીષભાઈએ તેમના પિતાની વિરુધ્ધ તેમના ઘરની આજુબાજુની જમીન સારુ રેવન્યુ ઓથોરીટી સમક્ષ કેસ કરેલ હોવાની

તથા તેમની બહેન હેતલ ભાગી ગયેલી તે બાબતે મહેન્દ્રભાઈ છોટુભાઈનાઓએ આરોપી મનીષભાઈ ઉપાડી ગયેલા તે બાબતે કેસ થયેલ હોવાની તથા જયોતીબેન એ મહેન્દ્રભાઈ છોટુભાઈના પત્ની તથા હોવાની તથા ફરીયાદીની બહેન હેતલ તથા કિરણભાઈ સાથે હાલમા તેમના સંબંધો સારા હોવાની તથા તેની બહેન હેતલ ભાગી ગયેલી તે બાબતે તેના માતા–પિતા વચ્ચે બોલાચાલી થયેલ હોવાની તમામ હકિકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં તેમના ઘરની બાજુમાં મહેન્દ્રભાઈનુ ઘર આવેલ હોવાની તથા તેમના ઘરની બાજુમાં મહેન્દ્રભાઈનુ ઘર તેને અડીને ખુલ્લી જમીન અને ત્યાર પછી મેઈન રોડ પસાર થતો હોવાની તથા તેમના ઘરે આવવુ હોય તો તે મેઈન રોડથી અવાય છે તથા તેમના ઘરના ઓટલા પર બેસેલા હોઈએ તો રોડ પરથી આવનાર માણસો દેખાય નહી તથા તેમના ઘરેથી મુખ્ય રોડ ૧૫૦ થી ૨૦૦ ફુટ જેટલો દુર હોવાની તથા મુખ્ય રસ્તાથી મારા તેમના ઘર તરફ આવતો જે રોડ પસાર થાય તે રોડ લોકો અવર ઝવર કરી શકે તેવો હોવાની તથા બનાવના અરસામાં તે રોડ પર કોઈ સ્ટ્રીટ લાઈટ ન હોવાની તથા સામાન્ય રીતે તેઓ સાડા નવથી દસના અરસામાં રાત્રે ઉઘી જતા હોવાની તથા આજુબાજુના લોકો પણ ઉઘી જતા હોવાની હકિકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં ઉલટતપાસમાં જણાવેલ છે કે તેમના ઘર અને મહેન્દ્રભાઈના ઘર અડીને આવેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં તેમાના ઘરની તથા મહેન્દ્રભાઈના ઘરની દીવાલ સાથે પુરી થતી હોવાની તથા મહેન્દ્રભાઈનાં ઘરમા બેસેલ વ્યકિત તેમના ઘરેથી જોઈ શકતા હોવાની તથા તેમના ઘરના આંગણામાં બેસેલા હોઈએ અને આઠ દસ માણસો બુમ બરાડા આવતા હોય તો તેની ખબર પડી જતી હોવાની તથા ફરીયાદીના નામની બુમ પાડી ધમકી આપતા હોય તો તે ઘરમા ભરાઈ જઈ શકતા હોવાની હકિકતનો સ્વીકાર કરેલ છે વધુમાં જણાવે છે કે નેહાબેનની સાથે તેઓ બધા સાથે ઘરમા ભરાઈ ગયેલા તથા ફરીયાદ આપવા સારુ તે પોલીસ સ્ટેશને એકલી ગયેલી તથા તેમના પહેલા બુમબરાડા થાય છે તે મતલબની ફરીયાદ કોઈએ કરેલી કે કેમ? તેની ખબર હોવાની તથા હાલની ફરીયાદ બનાવ બન્યાના ત્રણ દીવસ પછી આપેલ હોવાની તથા

ફરીયાદ લખાવ્યા પછી તે વાંચી સંભળાવેલ હોય તેવુ બનેલ ન હોવાની તથા ફરીયાદમાં તેઓએ મનીષભાઈને કેમ મારો છો તેવુ પુછેલુ, મનીષે ફરીયાદીને ડાબા હાથે બેટ મારેલુ તેવુ ફરીયાદ લખેલ ન હોવાની તથા તેમની ફરીયાદમા આરોપીઓ દોડીને મારતા હોવાની તથા હથીયારો તેમના ઘરમા મુકીને જતા રહેલા તેવુ ફરીયાદમાં લખેલ ન હોવાની હકિકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે.

(૮.૫) ફરીયાદપક્ષે **આંક–૫૩** થી **બનાવ નજરે જોનાર/ઈજા પામનાર સાહેદ જયોતીબેન મહેન્દ્રભાઇને** તપાસવામાં આવેલ છે તેમની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ આશરે આજથી છએક વર્ષ અગાઉ ઉનાઈ ગામે નાકા ફળીયામાં રાત્રીના આશરે અગીયાર વાગ્યાના અરસામા બનેલો. બનાવ સમયે સાહેદ તથા વિમળાબેન, તારાબેને, નેહાબેન, આરતીબેન એ બધા કસ્તુરભાઈના ઓટલા પર બેઠેલા તે સમયે મનીષભાઈ, કલ્પેશભાઈ, મહેશભાઈ, ભાવીનભાઈ, અલ્કાબેન, રીટાબેન, જયંતીભાઈ આ લોકો બધા આવેલા અને કલ્પેશભાઈએ સાહેદને એકદમ આવી માથાના ભાગે મારેલુ જેથી તે બાકડા પર આડી પડી ગયેલી અને ફરીવાર તેમને મારવા આવેલા તો તે ઘરમાં ઘુસી ગયેલી. બનાવમાં મનીષભાઈએ વિમળાબેનને ડાબા હાથ પર બેટ મારેલુ અને તે મે નજરોનજર જોયેલું. આ સીવાય બનાવ વિશે બીજી કોઈ માહીતી ન હોવાની અને બીજુ કાંઇ જોયેલ ન હોવાનું અને કોઇ સારવાર લીધેલ ન હોવાની હકિકત જણાવેલ છે.

સદર શાહેદ તેમના મૌખિક પુરાવામાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતી કોઈ વિગતો જણાવતા ન હોઈ, વિ.એ.પી.પી.શ્રીએ તેમને વિમુખ જાહેર કરી ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ વિગત રેકર્ડ પર આવતી નથી.

(૮.૬) ફરીયાદપક્ષે **આંક–૬૩ થી ઈજા પામનાર વિમળાબેન ભગુભાઈ** ને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે તેમને સંતાનમા બે દીકરી અને એક દીકરો છે. જેમા હેતલ બીજા નંબરની દીકરી છે. આ બનાવ આજથી આશરે છએક વર્ષ અગાઉ નાકા ફળીયામાં તેમના ઘરે ઉનાઈ ગામે રાત્રીના

અગીયારેક વાગ્યના અરસામાં બનેલો, બનાવમાં તેમની છોકરી હેતલ કિરણભાઈ ગામીત જોડે ભાગી ગયેલી અને તારીખ પંદર ના રોજ બાજુવાળા કલ્પેશભાઈ તથા મનીષભાઈ તથા જયંતીભાઈ તથા ભાવીનભાઈ તથા મહેશભાઈ તથા રીટાબેન તથા અલ્કાબેન એ લોકો તેમની સાથે મારામારી કરી ગયેલા જેમા તેમને ડાબા હાથમાં મનીષભાઈએ લાકડાનું બેટ મારેલુ તેમજ કલ્પેશભાઈએ બરફ તોડવાનો તવેતો ડાબા ખભા પર મારેલો તથા તેમની દીકરી આરતીએ મનીષભાઈને કહેલ કે "મારા માતાને બેટ શુ કરવા મારો છો?" જેથી મનીષભાઈએ તેમની દીકરીને હાથમા બેટ મારેલુ તેમજ તેમની દીકરી નેહા તેમના દીકરા મિલનને લઈને બહાર ભાગેલી ત્યારે મનીષભાઈ તેની પાછળ દોડેલા તેમજ બનાવમાં બાજુવાળા જયોતીબેનને પણ જયંતીભાઈએ ઢીકમુકકીનો માર મારેલો. આ બનાવ સમયે બીજા માણસો દોડી આવેલા અને બધાને શાંત પાડેલા. ફરીયાદીએ તેમને થયેલ ઈજાઓ બાબતે વાંસદા કોટેજ હોસ્પીટલમા સારવાર લીધેલી અને ત્યાથી વધુ સારવાર સારુ નવસારી મુકામે રીફર કરેલી. આરોપીઓએ બનાવ સમયે તેમને ગાળો આપેલી. તેમને મુદ્દામાલ તવેતો અને બેટ બતાવવમાં આવે તો ઓળખી શકે. આરોપીઓને ઓળખી બતાવે છે. બનાવ બનવાનુ કારણ આરોપીઓ તેમની જમીનમાં દબાણ કરેલુ તેના કારણે આ ઝઘડો થયેલો. બનાવ સમયે ઉપયોગમાં લીધેલ ફરીયાદી બતાવતા તેઓ જણાવે છે કે જે બેટ બનાવ સમયે મનીષભાઈના હાથમાં હતુ અને તેના વડે જ ઈજાઓ કરેલી અને તવેતો બતાવવામાં આવતા જણાવે છે કે જે બનાવ સમયે કલ્પેશભાઈના હાથમા હતો અને તેના વડે ઈજાઓ કરેલી.

સદર કામે બચાવપક્ષના વિ.વ.શ્રીએ ઈજાપામનારની વિગતવાર ઉલટતપાસ કરેલ છે તેમાં કિરણ ચીમન અને તેમની દીકરી હેતલ વચ્ચે પ્રેમ સંબંધ ચાલી આવેલો તેની જાણકારી તેમને ન હોવાની તથા તેમની દીકરી કિરણ સાથે ભાગી ગયેલી તેના ચાર–પાંચ દિવસ અગાઉ તેઓને તેના પ્રેમ સંબંધોની જાણ થયેલી હોવાની તથા સાહેદના પતિએ દીકરી હેતલ ભાગી ગયા પછી તેના પ્રેમ સંબંધ વિશે સાહેદને કોઈ પુછપરછ

કરેલ નહી હોવાની તથા દિકરી ભાગી ગયાની ચર્ચા તેના પતિએ કરેલ હોવાની તથા તેમનું ઘર નાકા ફળીયામાં રોડથી અંદરની બાજુએ આવેલુ હોવાની તથા રોડથી તેમના ઘર તરફ આવતા સ્ટ્રીટ લાઈટ આવેલ ન હોવાની હકિકતનો સ્વીકાર કરેલ છે તથા તેમના ઓટલા પર લાઈટ હોવાની હકિકત સાહેદે જણાવેલ છે. વધુમાં સાહેદે એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે સામાન્ય રીતે તેઓ નવથી દસના ગાળામાં ઉઘી જતા હોઈએ છીએ અને તેમના ઘરમાં આવેલા બીજા રૂમમાં તે સુઇ જાય છે તથા ઘરના ઓટલા પહેલા પગથીયા છે તથા તેમનો ઓટલો છ-સાત ફુટ જેટલા માપનો છે. તથા જયોતીબેનના ઘર અને તેમના ઘર વચ્ચે દીવાલ આવેલી છે તથા તેમના ઓટલા ઉપરથી સામે વ્યકિત આવે ત્યારે દેખાય. વધુમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ બનતા અગાઉથી આરોપીઓ અમારા ગામના હોવાથી તે તેઓને ઓળખુ છે અને આરોપીઓ નજીક આવેલા ત્યારે દેખાયેલા તથા આરોપીઓને તેઓએ સર્વપ્રથમ દસેક ફુટ દુરથી જોયેલા. વધુમાં સ્વીકાર કરેલ છે કે તેમને આંખે નંબર છે અને આરોપીઓ આવતા ને જોઈને ઘરમાં ભાગેલા તથા તેમના ઘરમાં કોઈ વ્યકિત બે હાથે લાકડી કે કોઈ લાંબુ હથીયાર બે હાથેથી માથાના ઉપરનાભાગે કોઈને મારવાનો પ્રયત્ન કરે તો તે છતના ભાગે અડી જાય તથા તેમનો દીકરો બનાવના અરસામાં આશરે દસેક વર્ષની આસપાસની ઉમરનો હશે અને તેમનો દીકરો બેટ-બોલ રમતો ન હોવાની તથા સામાન્યરીતે બરફ તોડવાનો તવેતો આગળ ધારવાળો અને સીધા પાનવાળો આવતો હોવાની હકિકતનો સ્વીકાર કરેલ છે. સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે તેમને મુદ્દામાલ તવેતાના લોખંડના પાન પછીનો લાકડાવાળો ભાગ વાગેલો હોવાની તથા વધુમાં જણાવે છે કે ઈજાપામનાર નવસારી દવાખાનામાં હતા ત્યારે તેમની દીકરી આરતીએ વિગત લખાવેલી તેમ જણાવેલ છે. વધુમાં સાહેદે ઉલટતપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે મહેન્દ્રભાઈ છોટુભાઈ અને મનીષભાઈ પ્રવીણભાઈ વચ્ચે તે અરસામાં કેસ થયેલ હોવાની તથા બનાવના અરસામાં આરોપી મનીષભાઈ ઉનાઈ ગ્રામ પંચાયત વોર્ડના સભ્ય હોવાની તથા તેમની ઉપર મનીષભાઈએ જમીન બાબતેનો

કેસ દાખલ કરેલ અને તે કેસ હાલમા ચાલુ હોવાની હકિકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે.

(૮.૭) ફરીયાદ પક્ષે **આંક-૬૭** થી **વનિતાબેન છોટુભાઈ**ને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે સાહેદને સંતાનમા બે દીકરા છે. જે બંનેના લગ્ન થયેલા છે જેમા સાહેદના દીકરા મહેન્દ્રના દીકરાની વહુનુ નામ જયોતી છે તથા તે ભગુભાઈ નગીનભાઈ નાઓને ઓળખે છે જેઓ તેમની બાજુમા રહે છે. તેમને હાલમાં સંતાનમા બે દીકરી અને એક દીકરો છે. તેમની એક દીકરી ગુજરી ગઈ છે. આ બનાવ આજથી આશરે દસેક વર્ષ અગાઉ કસ્તુરભાઈ ઉર્ફે ભગુભાઈના ઘરે સાંજના આશરે દસેક વાગે બનેલો. બનાવમા આજ રોજ નામદાર કોર્ટમા હાજર છે તે બે આરોપીઓ તથા બીજા આરોપીઓ કે જે કોર્ટમાં ગેરહાજર છે અને તેઓ આવીને માર-મારીને જતા રહેલા. તેમા તેમની વહુ જયોતીને મારેલી તેમજ ભગુભાઈની ઘરવાળી વીમળાબેનને તેને હાથમા માર મારેલો. સાહેદ આ બનાવ જોઈને બેભાન થઈ ગયેલ અને બનાવમા તેમને કોઈએ મારેલ નહી. આ સીવાય તે બનાવ વીશે બીજુ કાઈ જાણતા નથી તથા બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલ હતી બનાવ કયા કારણસર બનેલો તેની તેમને ખબર નથી તેવી હકિકત જણાવેલ છે.

સદર શાહેદ તેમના મૌખિક પુરાવામાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતી કોઈ વિગતો જણાવતા ન હોઈ, વિ.એ.પી.પી.શ્રીએ તેમને વિમુખ જાહેર કરી ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ વિગત રેકર્ડ પર આવતી નથી.

(૮.૮) ફરીયાદ પક્ષે **આંક-૮૪** થી મેડીકલ સાહેદ **ડૉ.કસનજીભાઈ વસનજીભાઈ ચૌધરીને** તપાસવામાં આવેલ છે તેઓએ સોગંદ પર જણાવેલ છે કે સને ૨૦૧૦ માં તેઓ આર.એમ.ઓ તરીકે નવસારી સીવીલ હોસ્પિટલમાં નોકરી કરતા હતા અને તેઓ છેલ્લા ૩૩ વર્ષ થી મેડીકલ ક્ષેત્રે પ્રેકટીસ કરે છે. તેમની પાસે પી.એસ.આઇ, વાંસદાએ વિમળાબેન ભગુભાઇ પટેલ, ઉ.વ.આ.૩૮ વર્ષનું સીવીલ હોસ્પિટલ, નવસારીમાં ચાલતી સારવાર બાબતેનું સર્ટીફીકેટ ની માંગણી

કરેલ જેથી તા.૨૩/૦૩/૨૦૧૦ ના રોજનું સર્ટીફીકેટ તેઓએ લખી આપેલ હતું જે સર્ટીફીકેટ **આંક–૮૫** થી રેકર્ડ પર લેવામાં આવેલ છે તેમાં લખેલ છે કે તા.૧૭/૦૩/૨૦૧૦ ના રોજ વિમળાબેન ભગુભાઇ પટેલ ઓર્થો વોર્ડમાં દાખલ થયેલ અને તેમને ઓર્થો સર્જન ડૉ.અવનીશ દુબેનાઓએ ડાબા હાથનું નાનું હાડકુ ફ્રેકચર થઇ ગયેલ હોય તેનું ઓપરેશન કરવામાં આવેલુ અને આ સમગ્ર સારવાર એમ.એસ.ઓર્થો સર્જનનાએ કરેલી. આ સિવાય બીજી કોઇ હિકકત જણાવેલ નથી.

હાલના મેડીકલ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી એ વિગતવાર ઉલટતપાસ કરેલ હતી તે જોવામાં આવે તો સર્ટીફીકેટ હિસ્ટ્રીના આધારે લખી આપેલ છે હોવાની હકિકતનો સ્વીકાર કરેલ છે

(૮.૯) ફરીયાદ પક્ષે **આંક–૯૫ થી મેડીકલ સાહેદ શ્રી ડૉ.અવનીશકુમાર હિમાંશુ દુબે**ને તપાસવામાં આવેલ છે તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ એમ.એસ. ઓથોપેડીકની ડિગ્રી ધરાવે છે અને છેલ્લા ૨૩ વર્ષથી મેડીકલ ક્ષેત્રનો અનુભવ ધરાવે છે. ગત તા. ૧૭/૩/૧૦ ના રોજ દર્દી નવસારી સીવીલ હોસ્પિટલ ખાતે આવેલા ત્યારે સૌપ્રથમ દર્દીને ડો.નિરાલા, ડો.પ્રસાદ નાઓએ તપાસ્યા ત્યારબાદ તેઓ નવસારી સીવીલ હોસ્પિટલમાં ઓથ્રોપેડીક સર્જન તરીકે ફરજ બજાહતો હતા તે વખતે દર્દી નામે વિમલાબેન ભગુભાઈ પટેલ, ઉ.વ.૩૮, રહે.ઉનાઈ, નાકા સ્ટ્રીટ, તા. વાંસદા નાઓ તા.૧૮/૦૩/૧૦ ના રોજ સવારે ૦૯:૨૦ કલાકે તેમની પાસે આવેલા. દર્દી ને ડાબા કાંડામાં અલ્ના બોર્નમાં (કાંડાના ભાગે) ફ્રેકચર હતુ અને હાડકાં ભાગેલા હતા, તેમના શરીરનું તાપમાન, નાડીના ધબકારા, સ્વશન તંત્રનો રેટ, રકત તાપ વગેરે સામાન્ય જણાયેલા, તા.૨૦/૦૩/૨૦૧૦ ના રોજ સવારે નવ કલાકે તેમના ડાબા હાથના અલ્તા બોર્નમાં પ્લેટ નાખેલી અને હાંડકાના બે ત્રણ કટક થઈ ટુટેલ હતા તેથી પ્લાસ્ટર પણ કરવામાં આવેલ. તા.૦૫/૦૪/૨૦૧૦ ના રોજ સવારે ૦૯.૩૦ વાગે દર્દીને બધા ટાંકા કાઢીને સારી હાલતમાં રજા આપવામાં આવેલી. સદર દર્દીનું ઓપરેશન તેઓએ પોતે કરેલુ અને

દર્દીએ તેમની પાસે સારવાર સર્ટીની માંગણી કરતા તેઓએ આર.એમ.ઓ. શ્રીને સારવાર સર્ટી ઈસ્યુ કરવા લખેલુ.

હાલના સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ હતી જે જોવામાં આવે તો આ દર્દીના ઓપરેશન સિવાય બીજી કોઇ સારવાર તેઓએ કરેલ ન હોવાની તથા દર્દી પડી જાય તો પણ દર્દીને થયેલ ઇજા થવાનો સંભવ હોવાની તથા દર્દીને ઈજા કેવી રીતે થયેલ હતી તે અંગે તેમને કોઇ માહિતી ન હોવાની હકિકતનો સ્વીકાર કરેલ છે.

વધુમાં પ્રોસીક્યુશન તર્ફે આંક-૧૨૭ થી ડૉ.ઓમપ્રકાશ સગુનીરામ પ્રસાદ ને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે ગત તા.૧૭/૦૩/૨૦૧૦ ના રોજ સાંજના ૦૭.૫૫ વાગ્યે એક દર્દી નામે વિમળાબેન ભગુભાઈ પટેલ તેમની પાસે આવેલ હતા અને દર્દીને ઈજા બાબતે પુછતા દર્દીએ જણાવેલ કે તેમને મનિષભાઇ પ્રવિણભાઇ પટેલે બેટથી ડાબા હાથ ઉપર ગત તા.૧૭/૦૩/૨૦૧૦ ના રોજ સવારે આશરે ૧૧.૩૦ વાગ્યે તેમના ઘરે ઈજા કરેલ હતી તેવી હકિકત જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે વિમલાબેનને ડાબા હાથના ફોર આર્મમાં એક હાડકામાં ફ્રેકચર (અસ્થિભંગ) જોવામાં આવેલ હતી. વધુમાં જણાવેલ છે કે દર્દીને થયેલ ઈજા સખત અને બોર્થડ પદાર્થ વડે ઈજા થઇ શકે તેવી હતી. વધુમાં દર્દીની સારવાર કર્યાનું પ્રમાણપત્ર સદર કામે આંક-૧૧૮ થી રજુ થયેલ છે તે તેઓએ આપેલ હતુ તે જ હોવાનું જણાવેલ છે.

આ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં એ હકિકત નો સ્વીકાર કરેલ છે કે આંક-૬૩ ના સાહેદ પોલીસ યાદી વગર સારવાર માટે આવેલ હતા. આંક-૧૧૮ ના સારવાર પ્રમાણપત્રમાં ઈજાનો કોઇ રંગ કે ઉમંર લખેલ નથી. કોઇ વ્યક્તિને પાછળથી કોઇ હથિયાર વડે કે લાકડા વડે હુમલો કરવામાં આવે તો તેમના ફોર આર્મ પર ઈજા થઇ શકે કે કેમ ? તથા સર્ટીફીકેટમાં જણાવેલી ઈજા બેટ વડે જ થયેલી છે કે કેમ ? તે હકિકત સાહેદ જણાવી શકતા નથી.

**(૮.૧૦)** ફરીયાદપક્ષે **આંક–૫૭** થી તહોમતદાર લત્તાબેન કલ્પેશભાઈ રાઠોડ તથા રીટાબેન રાજુભાઈની **શરીર સ્થિતિનું પંચનામું** રજુ કરેલ છે. સદર પંચનામાંની વિગતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે **પંચ પ્રકાશભાઈ મંગુભાઈને આંક–૫૬** થી તેમજ બીજા **પંચ વિજયભાઇ વામનભાઈ પવારને આંક–૧૨૧** થી તપાસેલ છે. સદર બંને શાહેદોએ તેઓના મૌખિક પુરાવામાં સમાન પ્રકારે જણાવેલ છે કે, પોલીસે તેઓને હાજરીમાં કોઈ ઈસમની અટક કરેલ ન હોય અને તેઓ રૂબરૂ તે અંગેનું પંચનામું કરવામાં આવેલ હોય, તેવું બનેલ નથી; તેઓએ **આંક–૫૭** ના પંચનામામાં પંચ તરીકે માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય તેઓ સદર પંચનામાને સમર્થન કરતી અન્ય કોઈ વિગત જણાવતા ન હોઈ, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કરી ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાં સદર પંચનામાને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

**(૮.૧૧)** સદર કામે ફરીયાદ પક્ષે **આંક–૬૦** થી **ગુનાવાળી જગ્યાનું પંચનામું** રજુ થયેલ છે. સદર પંચનામાંની વિગતો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે **આંક–૫૯ થી પંચસાહેદ હરેશભાઇ નરેન્દ્રભાઇ**ને તથા **આંક–૬૧ થી પંચસાહેદ સંજયભાઈ દિનકરભાઇ**ને તપાસવામાં આવેલ છે. સદર બન્ને સાહેદોએ તેમના મૌખિક પુરાવામાં સમાન પ્રકારે જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ હોય અને પોલીસને કોઈ ઈસમે તે જગ્યા બતાવતા હોય અને તે જગ્યાનું પોલીસે તેમની હાજરીમાં પંચનામું કરેલ હોય તેમ બનેલ ન હોવાની હકિકત જણાવેલ છે અને પોલીસે સહિ કરવાનું કહેતા તેઓએ સહિ કરેલ છે તે સિવાય બીજુ કાંઈ તેઓ જાણતા ન હોવાનું જણાવેલ છે. તેઓએ **આંક–૬૦** ના પંચનામામાં પંચ તરીકે માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય તેઓ સદર પંચનામાને સમર્થન કરતી અન્ય કોઈ વિગત જણાવતા ન હોઈ, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કરી ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાં સદર પંચનામાને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

**(૮.૧૨)** સદર કામે ફરીયાદ પક્ષે **આંક–૧૦૧ થી ત.ક.અમલદાર શ્રી નરેન્દ્રકુમાર નાનજીભાઇ પારઘી**ને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે આ ગુનાની તપાસ ચાર્જમાં મળેલ અને આ ગુનાની તપાસ જે.એમ.ડામોરનાએ કરેલ હતી અને તેઓએ ફક્ત આરોપીઓ વિરૂદ્ધમાં પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરે અને સિવાય વિશેષમાં કાંઇ જણાવેલ નથી. આ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે આ ગુનાનામાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા સિવાય, સાહેદોના નિવેદન કે કોઇ પણ તપાસ તેઓએ કરેલ નથી.

**(૮.૧૩)** સદર કામે ફરીયાદ પક્ષે **આંક–૧૧૩ થી ત.ક.અમલદાર જૈસિંગભાઇ મસુરભાઇ ડામોર** ને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ ગત તા.૧૮/૦૩/૨૦૧૦ ના રોજ વાંસદા પો.સ્ટેમાં પો.સ.ઈ તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન વાંસદા પો.સ્ટેના પી.એસ.ઓ વાંસદા પો.સ્ટેના ફર્સ્ટ ગુ.ર.નં.૧૯/૨૦૧૦, ઈ.પી.કોની કલમ–૩૨૩, ૫૦૪, ૪૫૨, ૩૨૫, ૧૧૪ તથા બી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો દાખલ કરી આગળની તપાસ તેઓને ડેપ્યુટ હુકમ થી સુપ્રત કરેલ હતી જે ડેપ્યુટ હુકમ આંક–૧૧૪ થી રજુ થયેલ છે. તેઓએ સદર કામે ફરીયાદીને સાથે રાખી ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવા માટે નજીક માંથી બે સ્વતંત્ર પંચોને બોલાવીને વિગતવારનું પંચનામું કરેલ હતું જે પંચનામું **આંક–૬૦** થી રેકર્ડ પર આવેલ છે અને તેમાં બે પંચોએ તેમના રૂબરૂ સહિ કરેલ હોવાની હકિકત જણાવેલ છે. વધુમાં તેઓએ તપાસ દરમ્યાન અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, નવસારીનાઓએ ગતા તા.૧/૦૩/૨૦૧૦ ના રોજ પ્રસિદ્ધ કરેલ જાહેરનામું મેળવેલ અને તપાસના કામે રજુ રાખેલ હતું તે જાહેરનામું બચાવપક્ષના વાંધા સાથે **આંક–૧૧૫** થી રેકર્ડ પર લેવામાં આવેલ છે. વધુમાં તપાસ દરમ્યાન આરોપીઓની અટક કરી તેમની પાસેથી ગુનાના કામે ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ કબજે કરતુ પંચનામું આંક–૫૭ થી રજુ થયેલ છે અને તેમાં પંચોએ તેમના રૂબરૂ સહિ

કરેલાની હકિકત જણાવેલ છે. વધુમાં સદર કામે લત્તાબેન કલ્પેશભાઇ અને રીટાબેન રાજુભાઇને વુમન પો.કો સમક્ષ અને પંચો રૂબરૂ અટક કરેલ તે પંચનામું **આંક–૧૧૬** થી રજુ થયેલ છે તેમાં બે પંચોએ તેમના રૂબરૂ સહિ કરેલ હોવાની હકિકત જણાવેલ છે. તથા બનાવમાં ઈજા પામનારના સારવારના પ્રમાણપત્રો મેળવવા માટે યાદી કરેલ તે યાદી સદર કામે **આંક–૧૧૭** થી રેકર્ડ પર રજુ થયેલ છે. વધુમાં જણાવે છે કે ડૉકટરશ્રી પ્રકાશભાઇ એસ.પ્રસાદનાઓએ સર્ટીફીકેટની અસલ કોપી, તેમને ટપાલથી વડોદરા મુકામે મોકલાવેલ હતી જે મેડીકલ સર્ટીફીકેટને આંક આપવા સામે બચાવપક્ષે વાંધો નોંધાવતા વાંધા સાથે રજુ દાખલ **આંક–૧૧૮** આપવામાં આવેલ છે.

**પંચનામાં અંગે પુરાવો.**

(૦૯) (૯.૦) સદર કામે પ્રોસીક્યુશન તરફે આંક–૬૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે સદર પંચનામાં ની વિગતો સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે આંક–૫૯ તથા આંક–૬૧ થી સદર ગુનાવાળી જગ્યાના પંચનામાંના પંચસાહેદ ને તપાસવામાં આવેલ છે પરંતુ આ બન્ને સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી તેથી તેઓને ફરીગયેલ હોવાનુ જાહેર કરી વિ.એ.પી.પીએ વિગતવાર ઉલટતપાસ કરવા છંતા પ્રોસીક્યુશન કેસને સમર્થન કારી કોઈ હકિકત રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં સદર કામે ફરીયાદી ને આંક–૫૦ અને ઈજા પામનાર સાહેદને આંક–૬૩ તથા નજરે જોનાર સાહેદોને આંક–૪૭, ૬૭ થી તપાસવામાં આવેલ છે તે તમામની જુબાની જોતા હાલનો કહેવાતો બનાવ ઉનાઈ મુકામે નાકા ફળીયામાં ફરીયાદીના ઘર પાસે બનેલ હતો તેવી હકિકત જણાવેલ છે જયારે સદર આંક–૬૦ નું પંચનામું વંચાણે લેવામાં આવે તો બનાવ વાળી જગ્યા ભંગુભાઈના મકાનના ઓટલા પર અને પરસાળ ખંડ માં બનેલ હોવાની વિગત લખેલ છે પરંતુ સદર કામે પ્રોસીક્યુશન તર્ફે તપાસવામાં આવેલ ફરીયાદી, નજરે જોનાર સાહેદ તથા ઈજાપામનારે હાલનો બનાવ ઓટલા પર કે પરસાર ખંડમાં બનેલ હોય તે હકિકત જણાવેલ નથી અને પંચનામાં ના બન્ને પંચએ પણ પ્રોસીક્યુશન કેસને સમર્થન આપેલ નથી તેથી ફરીયાદ પક્ષે આંક–

૬૦ નું ગુનાવાળી જગ્યાનું પંચનામું નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાઈ આવે છે.

**(૯.૧)** સદર કામે પ્રોસીક્યુશન તર્ફે આંક–૫૭ થી તહોમતદારો ના ઘરની ઝડતી કરી તહોમતદારોને અટક અને તેમની શરીર સ્થિતિનું પંચનામું કરવામાં આવેલ છે. સદર પંચનામાં ના પંચોને આંક–૫૬ તથા ૧૨૧ થી તપાસવામાં આવેલ છે પરંતુ બન્ને પંચોએ સદર પંચનામા માં સહિ સિવાય બીજી કોઇ વિગત જાણતા ન હોવાનું તથા તેમની હાજરીમાં કોઇ પણ ઈસમની અટક કરેલ હોય અને તેમની પાસેથી કોઇ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવે છે. વધુમાં સદર કામે તહોમતદાર કલ્પેશભાઇ પાસેથી તવેથો તથા મનિષભાઇ પાસેથી લાકડાનું બેટ તથા મહેશભાઇ પાસેથી વાંસની લાકડી તથા જયંતિભાઇ પાસેથી વાંસની લાકડી કબજે કરેલ તેવી હકિકત લખેલ છે. જે અનુસંધાને રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો આ કામે ફરીયાદી, નજરે જોનાર સાહેદ તથા ઈજાપામનારે તેમની જુબાનીમાં માત્ર કલ્પેશભાઇ અને મનિષભાઇ નો ઉલ્લેખ કરેલ છે જયારે અન્ય તહોમતદારો અંગે તેમની જુબાનીમાં કોઇ હકિકત જણાવેલ નથી કે તેમની પાસે કોઇ હથિયાર હતુ કે કેમ તે અંગ પણ કોઇ હકિકત જણાવેલ નથી. વધુમાં કોઇ પણ વ્યક્તિના ઘરની ઝડતી કરવા માટે સબંધિત મેજીસ્ટ્રેટ પાસેથી ઝડતી વોરંટ મેળવવાનું રહે છે આ કામે ત.ક.અમલદારે કોઇ ઝડતી વોરંટ મેળવેલ હોય તેવું રેકર્ડ જોતા જણાઇ આવતું નથી તે સંજોગોમાં પ્રોસીક્યુશન કેસ અને મુદ્દામાલની વચ્ચે નોંધનિય વિરોધાભાષ જણાઇ આવે છે અને પંચોએ પણ સદર પંચનામાં ની વિગતોને સમર્થન આપેલ નથી જેથી પણ આંક–૫૭ નું પંચનામું પ્રોસીક્યુશન નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું અત્રેની કોર્ટનું માનવું છે.

## <u>નજરે જોનાર સાહેદોનો પુરાવો</u>

**(૯.૨)** સદર કામે આંક–૫૦ થી મુળ ફરીયાદી આરતીબેન ભગુભાઇ પટેલને તપાસવામાં આવેલ છે જયારે તેમના બહેન નેહાબેનને

આંક–૪૭ થી તપાસવામાં આવેલ છે તથા નજરે જોનાર સાહેદ આંક–૫૩ જયોતિબેન મહેન્દ્રભાઇ, આંક–૬૭ વનિતાબેન છોટુભાઇ ને તપાસવામાં આવેલ છે આ કામે બન્ને નજરે જોનાર સાહેદોએ પ્રોસીક્યુશન કેસને સમર્થન આપેલ નથી જેથી વિ.એ.પી.પીએ તેમને વિમુખ જાહેર કરી તેમની વિગતવાર ઉલટતપાસ લીધેલ હોવા છંતા પ્રોસીક્યુશન કેસને સમર્થન કારી કોઇ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

વધુમાં સદર કામે ફરીયાદી, આંક–૪૭ ના સાહેદ અને આંક–૬૩ થી ઈજા પામનાર વિમળાબેન ભગુભાઈને તપાસવામાં આવેલ છે તેમની જુબાની જોવામાં આવે તો બનાવ સ્થળ અંગે નોંધપાત્ર વિરોધાભાષ જણાઈ આવે છે એક સાહેદ જણાવે છે કે તેઓ ઓટલા પર બેસેલ હતા અને આરોપીઓને જોઇને ઘરમાં ચાલ્યા ગયેલ તેવી હકિકત ફરીયાદી જણાવે છે જયારે ઈજાપામનાર જણાવે છે કે ફરીયાદી–તેમની દિકરી ને મારવા દોડતા મારી દિકરી ભાગવા લાગેલ હતી આમ, સદર બનાવ ફરીયાદીના ઘર પાસે બનેલ તેવી હકિકત જણાવે છે પંરતું આંક–૬૦ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યામાં એટલે કે તેમના ઓટલા પર અને ઘરમાં બનેલ હોવાની હકિકત નોંધનિય રીતે વિરોધાભાષ અને ફરીયાદપક્ષના કેસ પર શંકા ઉપજાવે છે.

વધુમાં સદર કામે પ્રોસીક્યુશન તર્ફે રજુ થયેલ ફરીયાદી અને નજરે જોનાર સાહેદ તથા ઈજા પામનાર સાહેદની જુબાની જોતા આ બનાવમાં ફરીયાદીના માતા આંક–૬૩ વિમળાબેન અને આંક–૫૩ જયોતિબેન મહેન્દ્રભાઇને ઈજા થયેલ હોવાની હકિકત જણાવેલ છે. આંક–૫૩ ના સાહેદે કોઈ સારવાર કરાવેલ નથી તેમ જણાવેલ છે અને ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. વધુમાં ફરીયાદીના માતાને આ કામના તહોમતદાર કલ્પેશભાઈએ તવેથાથી જયારે મનિષભાઈએ લાકડાના બેટતી ઈજાઓ કરેલ અને સૌપ્રથમ વિમળાબેન ને વાંસદા ખાતે કોટેજ હોસ્પિટલમાં સૌપ્રથમ સારવાર કરાવેલ હતી તેમ જણાવે છે પરંતુ કોટેજ હોસ્પિટલમાં કોઈ સારવાર લીધેલ હોય તે અંગે પ્રોસીક્યુશન તર્ફે કોઈ પણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી તથા સદર કામે વધુ સારવાર નવસારી મુકામે કરાવેલ હતી તે અંગે મેડીકલ સર્ટી રજુ

થયેલ છે પરંતુ તેમાં હાલના ઈજાપામનારને કઈ રીતે ઈજા થયેલ હતી તે હકિકત પણ જણાવેલ નથી. જેથી ફરીયાદીને આ કામના તહોમતદારોએ ઈજા કરેલ હોય તે હકિકત પ્રોસીક્યુશન કેસ પર શંકા ઉપજાવે છે.

વધુમાં સદર કામે નજરે જોનાર સાહેદો, ફરીયાદી અને ઈજા પામનારની જુબાની જોતા બનાવ રાત્રીના આશરે અગ્યિાર વાગ્યે બનેલ અને બનાવ સ્થળે કોઈ સ્ટ્રીટ લાઈટ આવેલ ન હોવાનું અને બનાવ સ્થળે રહેણાંકના મકાનો આવેલ હોવાની હકિકત જણાવેલ છે તથા ફરીયાદી અને તહોમતદારો વચ્ચે હાલનો બનાવ બનેલ તે અગાઉ જમીન બાબતે તથા અન્ય કારણોસર તકરારો ચાલુ હતી તથા બનાવની ફરીયાદ ત્રણ દિવસ વિલંબથી આપવામાં આવેલ છે તે તમામ સંજોગો ધ્યાને લેતા આ કામના તહોમતદારોએ ફરીયાદીના માતાને ઈજા કરેલ હોવાની હકિકત પ્રોસીક્યુશન રેકર્ડ પરના પુરાવાના આધારે નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી.

## <u>તબીબી પુરાવો.</u>

(૯.૩) સદર કામે ફરીયાદીના માતા આંક-૬૩ ના સાહેદ વિમળાબેનને આ કામના તહોમતદાર મનિષભાઈએ ડાબા હાથમાં લાકડાનું બેટ મારેલુ અને તહોમતદાર કલ્પેશભાઈએ બરફ તોડવાનો તવેતો તેમના ડાબા ખભા પર મારેલો તેથી આ બનાવમાં તેમને ડાબા હાથમાં ફ્રેકચર થયેલ હતું. આ સબંધે રેકર્ડ પરનો પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સદર હકિકત સાબિત કરવા માટે પ્રોસીક્યુશન તર્ફે આંક-૮૪ થી ડૉ.કસનજીભાઈ વસનજીભાઈ ચૌધરીને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે તા.૧૭/૦૩/૨૦૧૦ ના રોજ સાહેદ વિમળાબેન ઓર્થો વોર્ડમાં દાખલ થયેલ અને ઓર્થો સર્જન. ડૉ.અવિનાશ દુબેએ ડાબા હાથનું નાનુ હાડકુ ફ્રેકચર થઈ ગયેલ હોય તેનુ ઓપરેશન કરાવેલ હતુ અને તે હિસ્ટ્રીના આધારે તેઓએ આંક-૮૫ નું મેડીકલ સર્ટી ઈસ્યુ કરેલ હતું તેમ જણાવેલ છે. તે સિવાય તેમને ઈજા બાબતે કોઈ હકિકત ખબર ન હોવાનું જણાવેલ છે. વધુમાં પ્રોસીક્યુશન તર્ફે આંક-૯૫ થી ડૉ.અવનીશકુમાર હિમાંશુ દુબે ને તપાસવામાં આવેલ

છે તેઓએ જણાવેલ છે કે દર્દી તેમની પાસે તા.૧૮/૦૩/૨૦૧૦ ના રોજ સવારે ૯.૨૦ કલાકે આવેલ હતા અને દર્દીને ડાબા કાંડાના અલ્ના બોર્નમાં (કાંડાના ભાગે) ફ્રેકચર હતુ અને હાડકા ભાંગેલા હતા તેથી તેમનું ઓપરેશન કરેલ હતું. આ ડૉ.સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરેલ તે જોતા હાલના દર્દીને કેવી રીતે ઈજા થયેલ તે તેઓ જણાવી શકે નહિ. આમ, સદર કામે આંક–૮૪ તથા ૯૫ થી તબીબ સાહેદ ને તપાસવામાં આવેલ છે અને આંક–૮૫ થી મેડીકલ સર્ટી રજુ થયેલ છે. સદર તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતા આંક–૬૩ ના સાહેદને કઈ રીતે ઈજા થયેલ તેવી કોઇ હકિકત રેકર્ડ પર આવેલ નથી તેમજ આ ઈજા આ કામના તહોમતદારોએ જ કરેલ હોય તેવી પણ કોઇ હકિકત તબીબી પુરાવાના આધારે રેકર્ડ પર આવતી નથી.

વધુમાં પ્રોસીક્યુશન તર્ફે આંક–૧૨૭ થી કોટેજ હોસ્પિટલ ના ફરજ પરના ડૉ.ઓમપ્રકાશ સગુનીરામ પ્રસાદ ને તપાસવામાં આવેલ છે તેમની જુબાની જોતા દર્દી તા.૧૭/૦૩/૨૦૧૦ ના રોજ ૭/૫૫ સમયે ઈજા બતાવવા માટે આવેલ હતા તેમ જણાવેલ છે જયારે આંક–૯૫ ના ડૉકટર સાહેબે તેમની જુબાનીમાં પણ દર્દી તેમને ત્યાં તા.૧૭/૦૩/૨૦૧૦ ના રોજ આવેલ હોવાની હકિકત જણાવેલ છે વધુમાં સદર કામે આંક–૫૧ થી રજુ થયેલ એફ.આઈ.આર જોવામાં આવે તો હાલનો બતાવ તા.૧૫/૦૩/૨૦૧૦ ના રોજ બનેલ હોવાનું જણાઇ આવે છે અને ફરીયાદી તથા ઈજા પામનારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ બન્યા બાદ તરત તેઓ વાંસદા કોટેજ હોસ્પિટલમાં ગયેલ હતા તેવી હકિકત જણાવે છે. ઈજા પામનાર ની જુબાનીમાં અને નજરે જોનાર સાહેદોની જુબાની તથા ફરીયાદી ની જુબાનીમાં બનાવ બન્યા બાદ તરત ગયેલ હોવાનું જણાવે છે જયારે મેડીકલ સર્ટીમાં અને તબીબ સાહેદોની જુબાની બનાવ બન્યા બાદ બે દિવસ પછી એટલે કે તા.૧૭/૦૩/૨૦૧૦ ના રોજ હોસ્પિટલ આવેલ હોવાનું જણાવે છે આમ, આ કામના તહોમતદારોએ જ ફરીયાદીને કહેવાતી ઈજા કરેલ હોવાની હકિકત પ્રોસીક્યુશન નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાઇ આવે છે.

**(૯.૪)** વધુમાં, હાલના કામનાં ઈજા પામનાર / ભોગ બનનારને ઈજાઓ થયેલ હોવાની હકીકત તેઓની જુબાની તથા અન્ય સાહેદોની જુબાની અને ડોકટરશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ રેકર્ડ ઉપર સાબિત થયેલ છે. પરંતુ, ઈજા પામનારને થયેલ ઈજાઓ હાલના કામના આરોપીઓએ જ કરેલ હોય તેવી હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે તેવું રેકર્ડ ઉપરના પુરાવાથી અત્રેની કોર્ટનું માનવું છે.

**(૯.૫)** વધુમાં સદર કામે બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે હાલનો બનાવ તા.૧૫/૦૫/૨૦૧૦ ના રોજ બનેલ છે જયારે સદર બનાવની એફ.આઇ.આર તા.૧૮/૦૩/૨૦૧૦ ના રોજ નોંધાયેલ છે તેથી પણ તહોમતદારોને શંકાનો લાભ આપવા હુકમ કરવા દલીલ કરેલ છે. સદર દલીલ અનુસંધાને પ્રોસીક્યુશન તર્ફે વિ.એ.પી.પીએ દલીલ કરતા જણાવેલ છે કે ફરીયાદમાં તથા ફરીયાદીની આંક-૫૧ ની જુબાનીમાં હાલની ફરીયાદ વિલંબથી નોંધવા બાબતે ખુલાસો કરવામાં આવેલ ન હોવા માત્ર થી બચાવ પક્ષની દલીલ માની શકાય નહિ. બન્ને પક્ષની દલીલ અનુસંધાને કોઇ પણ નિર્ણય લેતા અગાઉ એફ.આઇ.વિલંબથી નોંધાયેલ હોય ત્યારે રેર્કડ પરના પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે અનુસંધાને નામદાર સુપ્રિમ કોર્ટે **Satpal Singh v. State of Haryana, 2010 (8) SCC 714** ના ચુકાદામાં નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે ;-

> "Delay in lodging FIR more often than not, results in embellishment and exaggeration, which is a creature of an afterthought. A delayed report not only gets bereft of the advantage of spontaneity, the danger of the introduction of a coloured version, an exaggerated account of the incident or a concocted story as a result of deliberations and consultation, also creeps in, casting a serious doubt on its veracity. Thus, FIR is to be filed more promptly and if there is any delay, the prosecution must furnish a satisfactory explanation for the same of the reason that in case the substratum of the evidence given by the complainant/informant is found to be unreliable, the prosecution case has to be rejected in its entirety."

ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધઆંત મુજબ જયારે એફ.આઇ.આર વિલંબથી નોંધાયેલ હોય ત્યારે તે વિલંબ થવાના સંતોષકારક અને વ્યાજબી કાયદાકીય અર્થમાં તે વિલંબ માની શકાય તેવા કારણો પ્રોસીક્યુશને રેકર્ડ પર રજુ રાખવા જોઇએ. આમ, સદર સિદ્ધાંતને ધ્યાને રાખી અત્રેના કેસના સંજોગો અને રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો <u>ફરીયાદ વિલંબથી નોંધાયેલ હોવા બાબતે ફરીયાદીની જુબાની તથા એફ.આઇ.આર કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી.</u> વધુમાં એફ.આઇ.આર ના પેરા.૫(૧) માં ઘટનાનું સ્થળ દર્શાવેલ છે તેમાં તેમાં ગુનો બન્યો ત્યાં જ નજીકમાં ઉનાઇ આઉટ પોસ્ટ આવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં સદરહું કામે બનાવ સ્થળ તથા તહોમતદારોની અટક અને મુદ્દામાલ રીકવરી પંચનામાં શંકાસ્પદ જણાઇ આવે છે. વધુમાં ઈજા પામનારને જે ઈજા થયેલ હતી તે ઈજા આ કામના તહોમતદારોએ જ પહોચાડેલ હોય તેવી પણ કોઇ હકિકત રેકર્ડ પર નથી તથા સદર કામે ફરીયાદીની જુબાની તથા અન્ય સાહેદોની જુબાની જોતા બનાવ સ્થળે માત્ર બે જ વ્યકિતનો ભાગ હોય તેવી જુબાની છે અને ફરીયાદ કુલ્લે ૦૭ ઇસમો વિરૂદ્ધ કરેલ છે. વધુમાં ફરીયાદી અને તહોમતદારો વચ્ચે અન્ય તકરારો ચાલે છે અને તેઓ ફરીયાદી અને તહોમતદારો જુદા જુદા રાજકીય પક્ષોના સભ્યો છે અને રાજકારણ સાથે પણ સંકળાયેલા છે તે સંજોગોમાં આમ, ફરીયાદીની ફરીયાદ વિલંબથી નોંધાવવા બાબતે પ્રોસીક્યુશન તર્ફે કોઇ પણ સંતોષકારક ખુલાસો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. જેથી પ્રોસીક્યુશન આ કામના આરોપીઓ વિરૂદ્ધ ઇ.પી.કો કલમ-૩૨૩, ૩૨૫, ૧૧૪ હેઠળનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી **મુદ્દા નં.૧** નો જવાબ અત્રેની કોર્ટ દ્વારા નકારમાં આપવામાં આવે છે.

## <u>મુદ્દા નં.૨ ની ચર્ચા</u>

**(૯.૬)** સદર કામે **મુદ્દા નં. ૨** જોવામાં આવે તો "શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં તહોમતદારોએ ફરિયાદીની

ઘરમાં ગુન્હાહીત અપ્રવેશ કરી ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૫૨ મુજબનો ગુન્હો કરેલ છે?" સદર મુદ્દો સાબીત કરવા માટે ફરીયાદપક્ષે એ હકિકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે કે ગુનાવાળી જગ્યા ફરીયાદીના પ્રત્યક્ષ કબજામાં હતી કે તે મિલકતની ઉપર ગુનો કરવાના અથવા મિલકતની કબજેદાર વ્યક્તિને ધમકી દેવાના અપમાન કરવાના અથવા ત્રાસ આપવાના ઈરાદે તહોમતદારોએ ગુનાવાળી જમીનમાં પ્રવેશ કર્યો હતો તથા ગુનાવાળી જગ્યા જમીનમાં કે તેની ઉપર કાયદેસર રીતે પ્રવેશ કરીને ફરીયાદીને ધમકી દેવાના, તેનું અપમાન કરવાના અથવા તેને ત્રાસ આપવાના ઈરાદાથી અથવા કોઇ ગુનો કરવાના ઈરાદાથી ત્યાં ગેરકાયદેસર રીતે તહોમતદારો રહેતા હતા. જે અનુસંધાને રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો, આ કામે ફરિયાદી, નજરે જોનાર સાહેદ તથા ઈજાપામનારે જણાવેલ છે કે, હાલનો બનાવ તેમના ઘર પાસે બનેલ હતો તેવી હકિકત જણાવેલ છે જયારે ફરીયાદ પક્ષે આંક–૬૦ નું ગુનાવાળી જગ્યાનું પંચનામું રેકર્ડ પરના પુરાવાના આધારે સાબિત કરી શકેલ નથી. વધુમાં સદર ગુનાવાળી જગ્યા ફરીયાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હતી તે હકિકત સબંધે પ્રોસીક્યુશન તર્ફે કોઇ દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી કે ત.ક.અમલદારે પણ આ સબંધે કોઇ તપાસ કરેલ નથી. આમ, બનાવવાળી જગ્યા એ ફરિયાદીનાં પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાની હકીકત પ્રોસીક્યુશન નિઃશંકપણે સાબીત કરી શકેલ છે કે કેમ? તથા તહોમતદારોએ ફરીયાદીના કબજા ભોગવટાની ઘરમાં ગુનો કરવાના ઈરાદે પ્રવેશ કરી ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૫૨ હેઠળનો ગુન્હો કરેલ છે કે કેમ? તે અનુસંધાને નામદાર **પ્રીવી કાઉન્સીલ દ્વારા (1928) 3 LUCK 661** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ ધ્યાને લેવામાં આવે તો "ગુનાહિત અપ–પ્રવેશ નો ગુનો એવી વ્યક્તિ સામે કરી શકાય છે કે જેની પાસે તકરારવાળી મિલકતનો ખરેખર ભૌતિક કબજો હોય અને જો ફરીયાદી પાસે આવો ભૌતિક કબજો ન હોય તો પછી આ કલમ હેઠળ ગુનો બનશે નહિ" તે સંજોગોમાં બનાવ સમયે ગુન્હાવાળી જગ્યાનો પ્રત્યક્ષ કબજો ભોગવટો ફરિયાદીનો હોવાની હકીકત પ્રોસીક્યુશન રેકર્ડ ઉપર લાવી

<u>શકેલ ન નથી.</u> જેથી ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૫૨ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ  પ્રોસીક્યુશન નિઃશંકપણે સાબીત કરી શકેલ નથી. જેથી **મુદ્દા નં. ૨** નો જવાબ અત્રેની કોર્ટ દ્વારા **"નકારમાં"** આપવામાં આવે છે.

## <u>મુદ્દા નં.૩ અંગે ચર્ચા</u>

**(૯.૭)** સદર કામે મુદ્દા નં. ૩ જોવામાં આવે તો "શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં તહોમતદારોએ ફરિયાદીને અને સાહેદોને ગાળો બોલી ધમકી આપી ઉશ્કેરાટનું કારણ આપી ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ મુજબનો ગુન્હો કરેલ છે?" સદર કામે પ્રોસીક્યુશન તરફે રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદીને હાલનાં કામનાં તહોમતદારોએ ઈરાદાપૂર્વક ક્યાં શબ્દો બોલીને અપમાન કરેલ કે જેના કારણે ફરિયાદી જાહેર સુલેહ–શાંતિનો ભંગ કરી બેસે અથવા ગુન્હો કરી બેસે? તેવા કોઈપણ શબ્દો પ્રોસીક્યુશન દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટએ **Pravinbhai Becharbhai Vankar Vs State of Gujarat, 2007(1) GLH 337** ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે..

> In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual words used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence.

આમ નામદાર ગુજરાત વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, તહોમતદારોને ઈ.પી.કો કલમ-૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવવા માટે વાસ્તવમાં જે શબ્દ બોલેલો તે શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ પરંતુ તે શબ્દો રેકર્ડ પર આવેલ ન હોઈ, જેથી પણ પ્રોસીક્યુશન આ કામના તહોમતદારોએ વિરૂદ્ધ ઈ.પી.કો કલમ-૫૦૪ હેઠળનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ છે

તેમ કહી શકાય નહિ. તેથી **મુદ્દા નં.૩** નો જવાબ અત્રેની કોર્ટ દ્વારા **"નકારમાં"** આપવામાં આવે છે.

મુદ્દા નં.૪ અંગે ચર્ચા..

(૯.૮) સદર કામે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, નવસારીનાં જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબનાં ગુન્હાનો તહોમત છે, જે અનુસંધાને પ્રોસીક્યુશન તરફે સદરહું **આંક-૧૧૫** થી રજુ થયેલ જાહેરનામાની ગુજરાત પોલીસ એક્ટની કલમ-૩૭ મુજબ યોગ્ય રીતે પ્રસિદ્ધી ***(Public Promulgation)*** થયેલ કે કેમ? તે સાબીત કરવાનું રહે છે. જે આ કામે તે હકીકત ફરિયાદ પક્ષે રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી. કારણ કે, ગુજરાત પોલીસ એક્ટની કલમ-૩૭ ની જોગવાઇને ધ્યાને લેતા, તે કલમ હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામાંની, તે જોગવાઇમાં જણાવ્યા મુજબ "સાર્વજનિક ઘોષણા ***(Public Promulgation)***" થવી જરૂરી છે અને તે સાર્વજનીક ઘોષણાની હકિકત જો રેકર્ડ ઉપરથી સાબિત ન થાય તો તેવા જાહેરનામાંના ભંગ માટે, "સાર્વજનિક ઘોષણા ***(Public Promulgation)***" નું અનુમાન માત્ર, તે રજુ થયેલ જાહેરનામાના આધારે કરી તહોમતદારોને ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ ના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહિ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચેનાં ચુકાદામાં ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો ક્યારે અને કેવી રીતે સાબીત થઈ શકે તેની વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે અને તેમાં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાતોને ધ્યાને લેવા જરૂરી છે.

**CRIMINAL APPEAL No. 560 of 2002**
**RAJUBHAI PREMABHAI PATEL**
**Versus**
**STATE OF GUJARAT**
**7 September 2018**

Reading the aforesaid provisions,it is clear that subsection (1) of section 37 enables the Commissioner of Police and the District Magistrate in areas under their respective charges to prohibit the acts mentioned in clauses (a) to (f) for the preservation of peace and public safety by a8/11 C.C.No.43130-2005 notification publicly promulgated or addressed to individ ls within any town, village or place or

in the vicinity of any such town, village or place. It is also clear that the power reserved under section 37 of the Act can be exercised by issuing notification and publicly promulgating the same. The expression **'publicly promulgating'** is not defined in the Act. However, it should be understood in the normal connotation. **The authorities must take steps to have the notification brought to the notice of the public who is likely to be affected thereby and that may be effected by proclaiming it e.g. by the beat of drum or affixing in public places like Police Stations, Chavadis and other public buildings. Mere publication in the Government Gazette cannot be regarded as 'public promulgation' within the meaning of Section 37 of the Act.** Subsection (4) of section 37 empowers the authority under subsection (1) to reserve for public purpose any street or public place and prohibit person entering the area so reserved except under such conditions as may be prescribed by such authority. Under this subsection, notice must be publicly promulgated. **At the cost of repetition, I may state that mere publication in a Government Gazette is not public promulgation and it should be by a beat of drum, affixing order to police stations, chavadis and other public places."**

**It is an admitted position that no witnesses were examined by the prosecution from the office of the District Magistrate.There is nothing on the record that any public notice was issued by the office of District Magistrate, besides publication in the Government Gazette; by the beat of drum or affixing in public places like Police Stations, Chavadis and other public buildings.** Moreover, except evidence of the Investigating Officer, no other witnesses have been examined on the aspect of publication of notification and on the other requirement of Sub section [4] of Section 37 of the Bombay Police Act, 1951. **Mere production of this notification issued by the office of the District Magistrate would not be sufficient to connect the accused with the crime alleged; more particularly, in absence of there being any other cogent evidence to support the same.**

આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત તથા ચર્ચા કર્યા મુજબ અત્રેનાં કેસમાં આંક–૩૭ થી મામલતદારશ્રીને તપાસવામાં આવેલ છે અને તેઓએ ઉલટ તપાસમાં "આ જાહેરનામાની બહોંળી

પ્રસિદ્ધિ કરવા માટે જાહેર સ્થળે ચોડી બજાવેલ હોય કે ઢોલથી કે અન્ય રીતે પ્રસિદ્ધ કરાવ્યા અંગે" તેઓને કોઈ જાત માહિતી ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, તહોમતદારોએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટનાં જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યાની હકીકત પ્રોસીક્યુશન નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી **મુદ્દા નં.૪** નો જવાબ અત્રેની કોર્ટ દ્વારા **"નકારમાં"** આપવામાં આવે છે.

(૧૦) (૧૦.૦) આમ, આ સદર કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું સમગ્રપણે મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષ આ કામના આરોપીઓ સામે મૌખિક, દસ્તાવેજી કે સાંયોગિક પુરાવા દ્વારા આક્ષેપિત ભારતીય ફોજદારી ધારો, ૧૮૬૦ ની કલમ-૩૨૩, ૩૨૫, ૪૫૨, ૩૨૫, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાઓનું તહોમત નિ:શંકપણે શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ તેથી **મુદ્દા નં.૫** અંગે તથા કેસના આખરી નિકાલ સારૂ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવમાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૦૧) આ કામના તહોમતદારો (૧) **કલ્પેશભાઇ રાજુભાઇ બરફવાલા, ઉ.આ.વ.૨૬**, તથા **(૨) મનિષભાઇ પ્રવિણભાઇ પટેલ, ઉ.આ.વ.૨૮,** (૩) **ભાવિનકુમાર ધીરૂભાઇ ધો.પટેલ ઉ.વ.આ.૨૪ (૪) મહેશભાઇ રમણાભાઇ પટેલ, ઉ.વ.આ.૨૬, (૫) જયંતિભાઇ નરસિંહ ઢીમ્મર, ઉ.વ.આ.૪૮, (૬) લત્તાબેન ઉર્ફે અલકા તે કલ્પેશભાઇ રાઠોડની પત્ની (૭) રીટાબેન તે રાજુભાઇ રાઠોડની દિકરી** તમામ રહે ઠે.ઉનાઇ નાકા ફળિયા, તા.વાંસદા, જિ.નવસારીનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયેભારતીય ફોજદારી ધારો, ૧૮૬૦ ની કલમ-૩૨૩, ૩૨૫, ૪૫૨, ૩૨૫, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના મુજબના ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૨) સદર ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ: ૪૩૭(ક) ની જોગવાઈ મુજબ અગાઉના જામીનદાર ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીના અગાઉના જામીન ના હોય તો તે સંજોગોમાં આરોપીએ રૂા.૫૦૦૦/–ના અપીલ સમયના નવા જામીનખત અને જાત–મુચરકા રજૂ કરવા.

(૩) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમયગાળો પુરો થયા બાદ નિયમોનુસાર યોગ્ય નિકાલ કરવો.

હુકમ તારીખ **૩૦મી** માહે–**જુન**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૩૦/૦૬/૨૦૨૬**
**વાંસદા.**

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વાંસદા,જિ.નવસારી.**
**UID GJ**–01609

## -:ચુકાદાનું પરિશિષ્ટ:-

**<u>ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીઓની યાદી</u>**

### અ. ફરિયાદપક્ષ

| નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | નેહાબેન ભગુભાઈ પટેલ | ૪૭ | સાહેદ |
| ૨ | આરતીબેન ભગુભાઈ પટેલ | ૫૦ | ફરીયાદી |
| ૩ | જયોતીબેન મહેન્દ્રભાઈ | ૫૩ | ઈજા પામનાર સાહેદ |
| ૪ | પ્રકાશભાઈ મંગુભાઈ | ૫૬ | પંચ સાહેદ |
| ૫ | હરેશભાઈ નરેન્દ્રભાઈ | ૫૯ | પંચ સાહેદ |
| ૬ | સંજયભાઈ દિનકરભાઈ | ૬૧ | પંચ સાહેદ |
| ૭ | વિમળાબેન ભગુભાઈ | ૬૩ | ઈજા પામનાર સાહેદ |
| ૮ | વનિતાબેન છોટુભાઈ | ૬૭ | સાહેદ |
| ૯ | ડૉ.કસનજીભાઈ વસનજીભાઈ ચૌધરી | ૮૪ | મેડીકલ ઓફીસર |
| ૧૦ | શ્રી ડૉ.અવનીશકુમાર હિમાંશુ દુબે | ૯૫ | મેડીકલ ઓફીસર |
| ૧૧ | શ્રી નરેન્દ્રકુમાર નાનજીભાઈ પારઘી | ૧૦૧ | ત.ક.અમલદાર |
| ૧૨ | જૈસિંગભાઈ મસુરભાઈ ડામોર | ૧૧૩ | ત.ક.અમલદાર |
| ૧૩ | વિજયભાઈ વામનભાઈ પવાર | ૧૨૧ | પંચ સાહેદ |
| ૧૪ | ડૉ.ઓમપ્રકાશ સગુનીરામ પ્રસાદ | ૧૨૭ | મેડીકલ ઓફીસર |

### બ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો

| નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| - | -- | -- | -- |

### ક. અદાલતના સાક્ષી, જો હોય તો

| નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| - | -- | -- | -- |

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદી

### અ. ફરિયાદપક્ષના દસ્તાવેજ

| અનુ ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૫૧ | ફરીયાદ |
| ૨. | ૫૭ | આરોપીઓની અટક તથા શરીરસ્થિતીનુ પંચનામુ |
| ૩. | ૬૦ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૪. | ૮૫ | સારવાર સર્ટીફીકેટ |
| ૫. | ૧૧૫ | જાહેરનામુ |
| ૬. | ૧૧૬ | અટક પંચનામુ |
| ૭. | ૧૧૭ | ડોકટરશ્રીને લખેલ યાદી |
| ૮. | ૧૧૮ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૯. | ૧૨૮ | એક્ષ–રે |
| ૧૦. | ૧૨૯ | એક્ષ–રે |

### બ. બચાવપક્ષના દસ્તાવેજ

| અનુ ક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

### ક. અદાલતના દસ્તાવેજ

| અનુ ક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

### ડ. ભૌતિક પદાર્થ

| અનુ ક્રમ | સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

**તા.૩૦/૦૬/૨૦૨૬**
**વાંસદા.**

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વાંસદા,જિ.નવસારી.**
**UID GJ**–01609